# ગુજરાત યુનિવર્સિટી

## ઓનલાઈન પરીક્ષા વિકલ્પ પસંદગી અંગે મહત્વની સૂચનાઓ

1. પીજી સેમેસ્ટર ૪ અને યુજી સેમેસ્ટર ૬ની લેવાનાર આગામી ઓફલાઈન પરીક્ષાના વિકલ્પમાં ઓનલાઈન પરીક્ષાઓ આપવા અંગે આ વિકલ્પ માંગવામાં આવે છે.
2. વિદ્યાર્થીને ઓનલાઈન કે ઓફલાઈન પરીક્ષા આપવા અંગેનો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
3. ઓનલાઈન પરીક્ષા બહુ વિકલ્પી પ્રશ્નો (MCQ) આધારિત રહેશે. આપેલા જવાબોના વિકલ્પોમાંથી ફક્ત એક જ વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
4. વિકલ્પ પસંદગી માટે વિદ્યાર્થી એ પોતાનો એનરોલમેન્ટ નંબર, મોબાઈલ નંબર તથા ઈ-મેલ દાખલ કરવાનો રહેશે. નોંધાવેલ ઈ-મેલ તથા મોબાઈલ નંબરનો ઉપયોગ ઓનલાઈન પરીક્ષા માટે કરવામાં આવશે, તેથી ઈ-મેલ તથા મોબાઈલ નંબર દાખલ કરવામાં તકેદારી રાખવી.
5. વિદ્યાર્થીએ નોંધાવેલા મોબાઈલ ઉપર ઓટીપી આવશે. આ ઓટીપી દાખલ કર્યા બાદ વિદ્યાર્થી ઓનલાઈન કે ઓફલાઈન પરીક્ષા અંગે વિકલ્પ પસંદગી કરી શકશે.
6. વિદ્યાર્થીએ પ્રદર્શિત પોતાના નામ તથા કોલેજના નામની સંપૂર્ણ રીતે ચકાસણી કરી લેવી. ત્યારબાદ જ વિકલ્પ પસંદગી આપી શકશે. **<u>એકવાર પસંદગી આપ્યા બાદ પસંદગી બદલી શકાશે નહીં.</u>** (એક્સટર્નલ વિદ્યાર્થીઓ માટે કોલેજનું નામ એક્સટર્નલ લખાઈને આવશે)
7. વિદ્યાર્થી ઘેર બેઠાં કે પોતાની પસંદગીના અન્ય સ્થળેથી ઓનલાઈન પરીક્ષા આપી શકશે જેના માટે,
   a. વિદ્યાર્થી ડેસ્કટોપ, લેપટોપ, મોબાઈલ અથવા ટેબ્લેટ પૈકી કોઈપણ ઉપકરણ પર પરીક્ષા આપવાનો વિકલ્પ આપવાનો રહેશે. આ ઉપકરણનું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
   b. ડેસ્કટોપ અથવા લેપટોપ માટે વિંડોઝ ૭ અથવા તેનાથી ઉપરના વર્ઝન વાળી ઓપરેટીંગ સીસ્ટમ અને ચાલુ હાલતમાં હોય તેવા વેબ કેમેરા હોવા જરૂરી છે.
   c. મોબાઈલ અથવા ટેબ્લેટ ચાલુ હાલતમાં હોય તેવા ફ્રન્ટ કેમેરાથી સજ્જ હોવા જોઈએ અને Android 6.0 (માર્શમેલો) અથવા તેનાથી ઉપરના વર્ઝનવાળી ઓપરેટીંગ સીસ્ટમ ધરાવતા હોવા જોઈએ. (IOS ચાલશે નહીં) તદુપરાંત ગૂગલ ક્રોમ (80 કે તેથી વધુ) બ્રાઉઝર હોવું આવશ્યક છે
   d. ઈન્ટરનેટ સ્પિડ માટે બ્રોડબેન્ડના કિસ્સામાં ઈન્ટરનેટની સ્પિડ 1mbps હોવી જોઈએ અને મોબાઈલ નેટવર્કના કિસ્સામાં 4G નેટવર્ક હોવું જરૂરી છે.
   e. ચાલુ પરીક્ષામાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી ખોરવાઈ નહીં તેની પૂરતી કાળજી વિદ્યાર્થીએ રાખવાની રહેશે.
   f. **<u>જો વિદ્યાર્થી પાસે ઉપર જણાવ્યા મુજબની સુવિધા ન હોય તો ઓફલાઈન પરીક્ષા નો વિકલ્પ પસંદ કરવો હિતાવહ છે.</u>**
8. આ પસંદગી **<u>૧૮ ઓગસ્ટ ૨૦૨૦</u>** સુધીમાં આપી દેવાની રહેશે. જેમણે આ પસંદગી આપેલ નથી તેમની ઓફલાઈન પરીક્ષા લેવામાં આવશે.
9. ઓનલાઈન પરીક્ષાના મહાવરા માટે અંતિમ પરીક્ષા પહેલાં એક ઓનલાઈન મોક ટેસ્ટ લેવામાં આવશે. આ મોક ટેસ્ટ આપવી ફરજિયાત છે.
10. વિકલ્પ પસંદગીમાં કોઈ મુશ્કેલી જણાય તો આપના **<u>નામ, એનરોલમેન્ટ નંબર, મોબાઈલ નંબર</u>** અને પડતી તકલીફ જણાવતો એક ઈ-મેલ covidexamcenter@gujaratuniversity.ac.in ઉપર મોકલી આપવો.